# ભાવનાએ વર્ષગાંઠ ઊજવી

– શ્રદ્ધા ત્રિવેદી

રોજ જ્યારે ભાવના નિશાળે આવે ત્યારે કરુણા ત્યાંથી પસાર થતી હોય. ભાવનાએ કરુણા સાથે વાતો કરવાનું મન થાય. પણ એકદમ અજાણી છોકરી સાથે વાત કેવી રીતે કરવી ? તે મૂંઝાય. પણ એક વાર ભાવનાની બહેનપણી સરલાની સાઈકલ પર બેસી કરુણા આવી. ઝાંપા પાસે કરુણા ઊતરી ગઈને જતી રહી. ભાવનાએ સરલાને પૂછ્યું, 'આ કોણ છે ?' સરલા કહે : 'એ તો મારે ત્યાં કામ કરે છે તે અમરતકાકીની દીકરી કરુણા છે. આજે હું આવતી હતી. મેં એને જોઈ. એની નિશાળ અહીંથી થોડીક જ આગળ છે. હવે તે જતી રહેશે.'

ભાવના : 'સરલા, કહું ? હું એને ઘણી વાર જોઉં છું. મને તેની આંખો બહુ ગમે છે. મને ઘણી વાર તેની સાથે વાતો કરવાનું મન થાય છે. પણ કેવી રીતે કરાય ? એ કેવી સરસ છે નહીં ?'

સરલા : 'હા, ને તેનું કામ પણ સરસ છે. એ રહે છે પણ કેવી ચોખ્ખી ? તેની ઓરડી તું જુએ ને તો છક જ થઈ જાય.'

ભાવના : 'ઓરડી ? ઓરડી કેમ કહે ? ઘર નથી ?'

સરલા : 'ના, એ લોકો એક ઓરડીમાં રહે છે. તળાવકિનારે મંદિર પાસે પેલી ઓરડીઓ છે ને તેમાં.'

'અરે રે ! ભાવનાથી બોલાઈ ગયું. એ પછીના થોડા દિવસ કરુણા દેખાઈ નહીં. વળી અચાનક એક દિવસ નિશાળના ઝાંપા પાસે ભાવના અને કરુણા મળી ગયાં. ભાવનાએ પૂછ્યું : 'કરુણા ! હમણાંની કેમ દેખાતી નહોતી ?'

કરુણા : 'મારી મા માંદી હતી ને તેથી તેને બદલે કામે હું જતી હતી. હવે મા સાજી થઈ ગઈ. તેથી હું નિશાળ જઉં છું.'

'અરે, તો તારે કામ કરવા પણ જવું પડે છે?'

ભાવનાએ કહ્યું, 'તે જવું જ પડે ને ! એમાં શું ?' કહી તે હસી પડી 'હજી ઘંટ પડવાની વાર છે, ઊભી રહેને ! ચાલ, આપણે બાંકડે બેસીએ.' બંને બાંકડા પર બેઠા. ને વાતો કરવા માંડયાં. વાતવાતમાં જ ભાવનાએ પૂછ્યું : 'તું કઈ નિશાળમાં ભણે છે ?'

'હું તો સરકારી નિશાળમાં ભણું છું.'

'કેમ, તું અમારી નિશાળમાં ભણને ! તું મારી સાથે હોય તો મને ખૂબ ગમે.' ભાવનાએ કહ્યું.

'મારી મા કહે છે કે બેટા ! આ તો મોટા લોકની નિશાળ છે. અહીંની ફી, ડ્રેસ, ચોપડીઓ એ બધું આપણને ના પોસાય. આપણે તો સરકારી નિશાળ સારી. એક તો ફી માફી હોય. વળી બપોરનો નાસ્તોય મળે એટલે મારી તેને થોડી ચિંતા ઓછી રહે. ને વળી ચોપડીયોય મફત મળે. જો ઘંટ વાગ્યો. હું ય જઈશ.' કહી તે ગઈ. ભાવના વિચારમાં ડૂબી ગઈ.

પછી તો ભાવના અને કરુણા વચ્ચે સરસ બહેનપણાં થઈ ગયાં હતાં. એક દિવસે ભાવના કહે, 'કરુણા, આવતા સોમવારે એટલે કે પૂનમે મારી વર્ષગાંઠ છે. આ વખતે હું મારી બધી બહેનપણીઓને બોલાવવાની છું. તું જરૂર આવજે હો !'

'એમ ? મારી વર્ષગાંઠ પણ તે જ દિવસે છે. હું તો મંદિર જઈ પગે લાગી આવીશ એટલે વર્ષગાંઠ ઊજવાઈ જાય. પણ હું તારી વર્ષગાંઠે જરૂર આવીશ.' કહી બેઉ છૂટાં પડયાં.

ભાવના જ્યારે એક વર્ષની થયેલી ત્યારે તેની વર્ષગાંઠ તેનાં મમ્મી–પપ્પાએ સરસ રીતે ઊજવેલી તે આજે અગિયાર વર્ષની થઈ. હવે તેને મન થયું કે વર્ષગાંઠ ઊજવવી છે. તેણે તેનાં મમ્મી–પપ્પાને કહ્યું. મમ્મી–પપ્પા તો તૈયાર જ હતાં. ને પછી તો કોને કોને બોલાવવા તેની યાદી તૈયાર થવા માંડી. કાકા–કાકી, મામા–મામી અને તેમનું કુટુંબ, બહેનપણીઓ વગેરે યાદી લાંબી થતી



ગઈ. વર્ષગાંઠને હજી અઠવાડિયાની વાર હતી. વાનગીઓ કઈ કઈ કરવી તેય નક્કી થઈ ગયું.

ને જેની તે રાહ જોતી હતી તે દિવસ ઊગ્યો સવારના પહોરમાં મમ્મી–પપ્પાએ ગુલાબ ભરેલું સફેદ ઝૂલવાળું ફ્રોક તેને આપ્યું ને કહ્યું 'હેપિ બર્થ ડે અવર બેબી.....' મમ્મી–પપ્પાએ તેને ખૂબ

વહાલ કર્યું. તે હસતી–હસતી ઊઠી. બપોર પછી કાકા–કાકી, મામા–મામી વગેરે આવ્યાં. સાંજ પડયે તો તેનું ઘર ને આંગણું મહેમાનોના હાસ્યથી ગુંજી ઊઠયાં. બપોર પછી કાકા–કાકી, મામા–મામી વગેરે આવ્યાં. સાંજ પડયે તો તેનું ઘર ને આંગણું મહેમાનોના હસ્યથી ગુંજી ઊઠયાં. તેણે સવારવાળું ફ્રોક પહેર્યું હતું. માથે મોગરાની વેણી નાંખેલી, તેને જોઈ બધાં બોલી ઊઠયાં : 'અરે વાર ભાવના ! તું તો અટ્ટલ પરી લાગે છે !' તે મલકી ઊઠી. ધીમું ધીમું સંગીત રેલાઈ રહ્યું હતું. વાતાવરણ સુગંધિત હતું. થોડી વાર પછી સૌએ ભાવનાને વર્ષગાંઠની શુભેચ્છાઓ પાઠવી. તેને જાતભાતની ભેટ આપવા લાગ્યા. તે એક હાથે ભેટ લેતી અને બીજે હાથે મમ્મીને આપતી. તેની બહેનપણીઓ તેની આસપાસ ટોળું વળી ગઈ હતી.

ભાવનાની મમ્મીએ બધી જ બહેનપણીઓને એક મોટા ટેબલ પર નાસ્તો કરવા બેસાડી. એટલામાં તો બહાર ધોધમાર વરસાદ વરસવા લાગ્યો. બધાં જ ઘરમાં આવી ગયાં. વરસાદ ખાસ્સો કલાકેક મન મૂકીને વરસ્યો. ને પછી ધીમો પડયો. બધાં ઘરમાં હતાં તેથી કોઈ તકલીફ ના પડી. ભાવના થોડી થોડી વારે દરવાજા તરફ જોતી હતી. આ બાજુ બધાંએ ખાધું પીધું, ગીતો ગાયાં. વરસાદ બંધ થયો. ધીમે ધીમે સૌ પોત–પોતાને ઘેર ગયાં.

ભાવનાએ પૂછ્યું : 'મમ્મી, કરુણા હજી કેમ ના આવી ? તેને તો મેં ખાસ આવવાનું કહ્યું હતું. વળી આજે તેની વર્ષગાંઠ પણ છે.'

'બેટાં ! તને ખબર છે ને કે આજે કેટલો બધો વારસાદ પડયો હતો ! કરુણા કેવી રીતે આવી શકે ? તું કહેતી હતી ને કે તેનું ઘર તળાવકિનારે છે. કોણ જાણે શુંય હાલત થઈ હશે !' મમ્મીએ તેને સમજાવતાં કહ્યું.

આ સાંભળી ભાવનાથી એક ચીસ પડાઈ ગઈ. તે તેનાં મમ્મી–પપ્પાને કહે, 'પપ્પા ! ચાલો, આપણે અત્યારે જ ત્યાં જઈએ.'

મમ્મી : 'બેટા ! અત્યારે કેટલું બધું મોડું થયું છે. ને તુંય થાકી ગઈ હોઈશ. વળી, હજી આપણે ખાધુંય નથી. આપણે કાલે સવારે જઈશું, હો !'

'ના મમ્મી, તું ના આવતી. હું અત્યારે જ જઈશ. ને મમ્મી, ડબ્બામાં ખાવાનું ભરી આપ.' પછી એક મોટા થેલામાં પોતાને મળેલી ભેટોમાંથી થોડી ભેટો ભરીને પપ્પાને કહે : 'પપ્પા, ચાલો.' તેની મમ્મી સમજી ગઈ કે ભાવના હવે રોકી રોકાશે નહીં. તેમણે વધેલું બધું ખાવાનું ડબ્બાઓમાં ભર્યું.

થોડી કાગળની ડિશો લઈ લીધી. ત્રણે જણ જ્યાં કરુણા રહેતી હતી ત્યાં પહોંચ્યાં.

ત્યાં જઈ જોયું તો....

પાંચ–છ ઓરડીઓ જમીનદોસ્ત થઈ ગયેલી. એક તૂટેલી ઓરડી પાસે એક ખાટલામાં કરુણા અને તેની મા બેઠેલાં. પાસે થોડાં ડબલાં, વાસણને કરુણાનું દફતર હતું. આજુબાજુય એવી જ સ્થિતિ હતી. ભાવના તો અવાક જ થઈ ગઈ. ‘આ શું ?’ તે માંડ બોલી શકી. ભાવનાને જોઈ કરુણા દોડતી તેની પાસે આવી ને વળગી પડી. રડી પડી. પણ રડતાં રડતાંય કહે : ‘બા, આ મારી બહેનપણી ભાવના. મેં તને કહ્યું હતું ને કે, મારી બહેનપણીની વર્ષગાંઠ છે. હું જઈશ. તે આ બહેનપણી.’ થોડી વારમાં તો તેમની આસપાસ ટોળું જમા થઈ ગયું. ભાવનાની મમ્મીએ કરુણાની માને આશ્વાસન આપ્યું. પછી તેમણે ડબ્બો ખોલી ડિશમાં ખાવાનું કાઢવા માંડયું. સેન્ડવીચ, સમોસા, કોપરાપાક....ને ત્યાં રહેલાં સૌને આપવા માંડયું. થોડી વાર માટે તૂટેલી ઓરડીનું દુઃખ સૌ ભૂલી ગયાં. છોકરાંઓને તો ખૂબ મઝા પડી ગઈ. ભાવનાએ કરુણાને ‘હેપિ બર્થ ડે’ કહ્યું ને પોતે લાવેલી ભેટો તેને આપી દીધી. કરુણાએ દફતરમાંથી ફૂલી કાઢ્યું ને ભાવનાને આપ્યું. કરુણાની માં કહે : ‘ભાવના, તને ખબર છે ? આ ગુલાબનું ફુલ કરુણાએ ભગવાનના ફોટા પાસે મૂકેલું. ઓરડી તૂટવા માંડી. સૌએ બૂમાબૂમ કરી. પહેલાં તો બધો સામાન બહાર કાઢયો. તે પાછી અંદર દોડી ને આ ગુલાબ લઈ આવી. કહેતી હતી કે, આજે નહીં તો કાલે ભાવનાને આ ફૂલની પ્રસાદી જરૂર આપીશ. ભગવાન તેને હંમેશાં આનંદમાં રાખશે.’ આ સાંભળી ભાવનાની મમ્મીની આંખો ભીની થઈ ગઈ. તેમના હાથમાં હજી નાસ્તાની ડિશો હતી. ‘ભાવના, કરુણા, ચાલો આપણે બધાં અહીં જ સાથે બેસીને ખાઈએ.’ તળાવકિનારે વાતાવરણ આનંદમય થઈ ગયું. આકાશ એકદમ સાફ હતું. પૂનમનો ચંદ્ર ચાંદની વરસાવી રહ્યો હતો. તેમણે કરુણાને પોતાની પાસે બેસાડી. તેને માથે હાથ ફેરવતાં કહે : ‘ભાવનાની વર્ષગાંઠ તો અત્યારે જ ઊજવાઈ !’ ભાવનાના આનંદરનો પાર નહોતો.

■